# પ્રવચન નં.૧૪ - તા.૪-૯-૮૭
# પર્યુષણ પર્વ-સમયસાર ગાથા-૩૮૭-૮૮-૮૯
# તથા શ્લોક ૧૭૪-૧૭૫

દસલક્ષણ પર્યુષણ પર્વાધિરાજનો આજે આઠમો દિવસ છે. શુધ્ધાત્માની આરાધના ભેદજ્ઞાનપૂર્વક થાય છે. ભેદજ્ઞાન બે વચ્ચે હોય છે. એક શુધ્ધાત્મા અને વર્તમાન પરાશ્રિત મિથ્યાત્વ આદિ આસ્રવ ભાવો એ બન્ને પ્રગટ વિદ્યમાન છે. એક છે ને બીજું નથી એમ નથી. બન્ને ભેગા થઈને એક હોય તો ભેદજ્ઞાનનો ઉપદેશ નિરર્થક જાય.

ઘઉં ને કાંકરા બે છે. કોઈ એકલા ઘઉંને માને અને કાંકરાને માનતો નથી. કાંકરાને માને અને ઘઉંને માનતો નથી તો તેને ઘઉંની પ્રાપ્તિ ન થાય. એમ આત્મા અનાદિથી જ્ઞાયકભાવ શુધ્ધ છે અને એ જ્ઞાયકભાવનો સ્વીકાર નહીં કરનારો એવો અજ્ઞાની જીવ તેની દશામાં આસ્રવતત્ત્વ વિદ્યમાન છે. સસલાના શીંગડા નથી. પણ એ આત્માનો સ્વભાવ નથી. તેનાથી આત્માનો સ્વભાવ જુદો છે એમ ભેદજ્ઞાન કરીને અંદરમાં જાય તો આસ્રવની સાથે એકતા તૂટી અને સંવર દશા પ્રગટ થાય. થાય, થાય ને થાય જ. એટલે કે જેટલા સિધ્ધ પરમાત્મા થયા તે બધા ભેદવિજ્ઞાનથી થયા છે. મહામંત્ર છે ભેદવિજ્ઞાન. તેમાં આજે ઉત્તમત્યાગધર્મ છે, ત્યાગધર્મનો દિવસ છે.

દસ ધર્મોમાં આજે ઉત્તમત્યાગધર્મનો દિવસ છે. તેનું વર્ણન કરે છે. સમ્યક્પ્રકારે શ્રુતનું વ્યાખ્યાન કરવું અને મુનિ વગેરેને પુસ્તક, સ્થાન તથા પીંછી-કમંડલાદિ સંયમના સાધન આપવા તે ધર્માત્માઓનો ઉત્તમત્યાગધર્મ છે. 'હું શુધ્ધ આત્મા છું, મારુ કાંઈ પણ નથી' એવા સમ્યગ્જ્ઞાનપૂર્વક અત્યંત નિકટ શરીરમાં પણ મમતાનો ત્યાગ કરીને, શરીરનો ત્યાગ કરીને નહીં. શરીરનો ત્યાગ કોણ કરે? શરીર તો ભિન્ન છે, એને આત્માએ વ્યવહારનયે કે નિશ્ચયનયે ગ્રહણ કર્યું નથી. પણ મમતાને તો ભેદજ્ઞાનનો અભાવ રહે ત્યાં સુધી અને પર્યાયમાં વ્યવહારનયે-પર્યાયાર્થિકનયે ગ્રહણ કર્યું છે મમતાને. તેનો ત્યાગ. વસ્તુમાં તો મમતા છે નહીં. વસ્તુ તો ત્રણેકાળ નિર્મમત્વ છે.

પુદ્ગલ દ્રવ્ય જેનું સ્વામી છે તેવા ક્રોધાદિનું વિશ્વરૂપપણું તેના સ્વામીપણે આત્મા કદી પરિણમતો નથી. એટલે તેમાં તો મમતા નથી. એકમાં મમતા નથી ને બીજામાં તો છે. એ મમત્વ પર્યાયમાં જે થાય છે કે દેહ મારો એ મમતાનો ત્યાગ નિર્મમત્વ એટલે કે ગ્રહણપૂર્વક થાય, અધ્ધરથી નહીં. આહાહા!

કહે છે કે શરીરમાં પણ મમતાનો ત્યાગ કરીને, શરીરનો ત્યાગ નહીં, કર્મનો ત્યાગ નહીં, રાગનો ત્યાગ નહીં. શરીરમાં મમતાનો ત્યાગ, આઠ કર્મમાં મમતાનો ત્યાગ અને રાગમાં પણ મમતાનો ત્યાગ

છે. રાગ પોતે મમતા નથી. રાગમાં મમત્વભાવ તે શ્રધ્ધાનો દોષ છે અને રાગ છે તે ચારિત્રનો દોષ છે.

કહે છે કે અત્યંત (નિકટ શરીરમાં) મમતાનો ત્યાગ કરીને શુધ્ધસ્વરૂપમાં રમણતા પ્રગટ કરે ત્યાં મુનિઓને સર્વે પરભાવોનો ત્યાગ થઈ જાય છે. પરભાવોનો ત્યાગ થઈ જાય છે એટલે પરભાવોની ઉત્પતિ ન થવી, ગુણસ્થાન, સંસાર જેને જે રીતે હોય તે રીતે રાગની ઉત્પતિ ન થવી તેનું નામ ત્યાગ છે. રાગ ઉત્પન્ન થયા પછી છોડવો એવી ત્યાગની વિધિ નથી. ત્યાગ થઈ જાય છે. આહા! પરભાવોનો ત્યાગ થઈ જાય છે. ત્યાગ થઈ જાય છે, એમ લખે છે. ત્યાગ કરે છે એમ લખ્યું નથી. છતાં ઉપદેશબોધમાં કાંઈ આવે તો કાંઈ જ્ઞાનીને દોષ લાગતો નથી.

આ સિધ્ધાંતબોધ અને ઉપદેશબોધ. ઉપદેશબોધમાં તમે ત્યાગ કરો એમ આવે. સિધ્ધાંતબોધમાં સ્વરૂપનું ગ્રહણ થતાં તથા પ્રકારની (તે પ્રકારની) રાગની ઉત્પતિ ન થવી તેને 'જ્ઞાન તે પ્રત્યાખ્યાન' કહેવામાં આવે છે. ત્યાગ થઈ જાય છે એવું કથન છે. આહા! આ ગુરુ તો કોઈ ગુરુ નીકળ્યા! રાગનો ત્યાગ થઈ જાય છે. મિથ્યાત્વની ઉત્પતિ ન થઈ અને સમ્યગ્દર્શન પ્રગટ થયું તો શું થયું? કે આત્માએ મિથ્યાત્વનો ત્યાગ કર્યો એ ઉપચારનું કથન છે. આહાહા! સમ્યગ્દર્શન હોય ત્યારે મિથ્યાત્વ ન હોય, તેની હાજરી ન હોય, તેનો ઉત્પાદ ન હોય તેથી તેને ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે.

આત્માના ભાનપૂર્વક શરીરાદિ સર્વે પદાર્થો ઉપરની મમતાનો ત્યાગ કર્યો, જુઓ! મમતાનો ત્યાગ કર્યો. રાજપાટનો ત્યાગ નથી કર્યો મુનિએ. ૯૬ હજાર સ્ત્રીઓનો ત્યાગ ભરત મહારાજાએ કર્યો છે? કે તેના પ્રત્યેના અસ્થિરતાના રાગનો ત્યાગ. ભરત મહારાજાને એકતાનો રાગ તો નહોતો. શાંતિનાથ ભગવાન ચક્રવર્તી લ્યો ને! આહાહા! આ અંદરની ઊંડી રહસ્યમય વાત. શ્રધ્ધાનો ગુણ અને ચારિત્રનો દોષ, વાહ રે પ્રભુ! સાધકને એક સાથે રહે છે, પ્રભુ! સાંભળ!

શ્રધ્ધાનો ગુણ અને ચારિત્રનો થોડો અસ્થિરતાનો દોષ સાધકને રહે છે. તો એના દોષને ન જો, તેના ગુણને જો અને તેના ગુણીને જોઈશ તો તારો ગુણી પરમાત્મા તને જણાય જશે. પદાર્થો ઉપરની મમતાનો ત્યાગ કર્યો તેમાં ઉત્તમ આકિંચન્યધર્મ પણ આવી જાય છે. એક જ શ્લોકમાં આચાર્યદેવે બે ધર્મોનું વર્ણન કર્યું છે. આત્માના ભાનપૂર્વક મુનિદશા વર્તતી હોય પણ હજી પૂર્ણ સ્થિરતા ન થતી હોય, પૂર્ણ પરમાત્મદશા યથાખ્યાત ચારિત્રની સ્થિરતા ન હોય અને વિકલ્પ ઊઠે ત્યારે, વિકલ્પ કરે ત્યારે નહીં. વાંચવા વાંચવામાં પણ ફેર છે. શું આમાં લખ્યું છે? વિકલ્પ ઊઠે ત્યારે કે વિકલ્પ કરે ત્યારે? મુનિ વિકલ્પ કરતાં હશે? મુનિ વિકલ્પ કરે કે મુનિ જ્ઞાન કરે? જ્ઞાન કરે એ પણ ઉપચારનું કથન છે. અંદરની વાતો બહુ સૂક્ષ્મ રહી ગઈ. આહા! અને વિકલ્પ ઊઠે ત્યારે મુનિઓ શ્રુતની-શાસ્ત્રની ભલી રીતે વ્યાખ્યા કરે તેને અહીં ત્યાગધર્મ કહ્યો છે. શાસ્ત્રની જે રીતે ........ હોય તેને અહીં ત્યાગ કહેવામાં આવે છે. ત્યાગ કરે પણ શાસ્ત્ર વાંચવાની ક્રિયા એ કે રાગને ધર્મ કહ્યો નથી. પણ તે વખતે અંતરમાં વીતરાગ

સ્વભાવવાળું વલણ થતાં એ રાગનો ત્યાગ થાય છે એટલે કે રાગની ઉત્પત્તિ ન થવી તેનું નામ ત્યાગ છે. વાતે વાતે ફેર મોટો, આહા! એકલા લખાણને કે શબ્દને વળગે તો વસ્તુ હાથમાં આવે નહીં. આ શાસ્ત્રમાં આમ લખ્યું છે, આ શાસ્ત્રમાં આમ લખ્યું છે. દ્રવ્યાનુયોગમાં મિથ્યાદષ્ટિનો પ્રવેશ હોતો નથી. કદાચ વાંચે તોપણ ઊંધું વાંચે. વીતરાગ સ્વભાવનું ઘોલન થતાં જે રાગનો ત્યાગ થાય છે, તે જ ઉત્તમત્યાગ છે. શ્રુતની વ્યાખ્યા કરતી વખતે વાણી કે વિકલ્પ હો, શું કહ્યું? હો એમ શબ્દ છે. સંયોગરૂપે હો, આહા! એ કાંઈ ધર્મ નથી.

શ્રુતનું રહસ્ય તો આત્મસ્વભાવ છે. આહાહા! દ્રવ્યશ્રુતનું રહસ્ય તો આત્મસ્વભાવને ગ્રહણ કર, એ દ્રવ્યશ્રુતને કહેવું છે, બાર અંગને. બાર અંગને એ કહેવું છે, તું તારા શુદ્ધાત્માનો અનુભવ કર. એ બાર અંગને આત્મસાત કરે (તે) વીતરાગતા. વીતરાગભાવ એ જ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય, પ્રયોજન છે. વિકલ્પ હોવા છતાં તે વખતે વીતરાગી જ્ઞાનસ્વભાવના આશ્રયે સમ્યક્શ્રુતની વૃધ્ધિ થાય છે, અતીન્દ્રિયજ્ઞાનની, હોં! અને રાગ ટળતો જાય છે. ટાળે છે એમ ન લખ્યું. આહાહા!

હજી તો વાંચતાય આવડે નહીં. જ્ઞાની રાગને ટાળે છે એમ નહીં. ટળતો જાય છે. જેમ જેમ સ્વભાવમાં લીન થતો જાય છે, તેમ તેમ આસ્રવોથી આત્મા નિવર્તે છે. વિજ્ઞાનઘન શબ્દ... અને રાગ ટળતો જાય છે. આ જ ધર્મ છે. વીતરાગતા વધે અને રાગ ટળે, ખસે, નિર્જરી જાય. જેવું વસ્તુ સ્વરૂપ છે તેવું વ્યાખ્યાનનું ઘોલન કરતાં મુનિઓને ઉત્તમ ત્યાગધર્મ હોય છે. ગૃહસ્થોને પણ આત્મસ્વભાવને લક્ષે શ્રુતનું ઘોલન-સ્વાધ્યાય કરતાં, ચોથે, પાંચમે બેય ગૃહસ્થ અવસ્થા છે. ચોથું ગુણસ્થાન અવિરત સમ્યગ્દષ્ટિનું તેને પણ આત્માનું લક્ષ-ભાન છે. અને પંચમ ગુણસ્થાનવાળા શ્રાવકને બે કષાયના અભાવપૂર્વક આનંદની ઘણી વૃધ્ધિ થઈ ગઈ છે. તે બેયને ગૃહસ્થી કહેવાય.

હવે અવિરતી ગૃહસ્થી અને દેશવિરતી ગૃહસ્થી. ગૃહસ્થીના બે ભેદ છે. ગૃહસ્થોને પણ આત્મસ્વભાવને લક્ષે શ્રુતનું ઘોલન-સ્વાધ્યાય કરતાં શ્રુતજ્ઞાનની નિર્મળતા વધે છે ને રાગ તૂટતો જાય છે. તોડે છે એમ નથી લખ્યું. તોડે છે અને તૂટે છે તેમાં મોટો ફેર. આહાહા! રાગને કોણ તોડે? રાગ તો એ થાય તો તોડે. એમ તો જ્ઞાનીનું જ્ઞાન રાગમાં તન્મય થતું નથી. તેથી તેટલે અંશે તેને પણ ત્યાગ ધર્મ છે.

મિથ્યાદષ્ટિને તો એકલો અધર્મ જ છે. ધર્મ તો કરે છે ને બધાય. આહાહા! એ તેના જેવા તેને સર્ટિફિકેટ આપે. તેના જેવા અજ્ઞાની હોય ને એ ધર્મીનું બિરૂદ આપે. ધર્મી છે, આહાહા! આણે સંઘ કાઢયો ને આણે આટલા મંદિર  બંધાવ્યા ને ધર્મભૂષણ છે, ઈલ્કાબ આપો. શેનો ધર્મી! આત્માનું તો ભાન નથી. સમ્યગ્દર્શન થયા પછી જ સાધક જીવને નિશ્ચયધર્મ અને વ્યવહારધર્મ એવા બે પ્રકાર છે. અજ્ઞાનીને નિશ્ચયધર્મ પણ નથી અને વ્યવહારધર્મ પણ નથી. જ્ઞાની સાધક જયાં સુધી કૃતકૃત્ય ન થાય

(ત્યાં સુધી તેને) શ્રુતજ્ઞાન છે, શ્રુતજ્ઞાનના બે ભેદ-નિશ્ચયનય અને વ્યવહારનય. એવા બે ભેદ એ શ્રુતના વિકલ્પોને નય કહેવાય. કુશ્રુતમાં નય ન હોય. આહાહા! અજ્ઞાનીને નય ન હોય અને કેવળી સિધ્ધપરમાત્માને પણ નય ન હોય. નય તો સાધક અવસ્થાના, શ્રુતજ્ઞાનના બે ભેદો છે.

એ સાધક જીવને નિશ્ચયધર્મ અને વ્યવહારધર્મ એવા બે પ્રકાર છે. જેટલો વીતરાગભાવ થયો છે તેટલો ખરેખર ધર્મ છે, ને શુભભાવ ગયો તે ખરેખર ધર્મ તો નથી, પણ ધર્મી જીવને તે રાગનો નિષેધ વર્તે છે, નિષેધ વર્તે તો ઉપચારથી તેને ધર્મ કહેવાય. આદર વર્તે તો ઉપચારથી, વ્યવહારે પણ તેને ધર્મ કહી શકાતો નથી. એવી ઊંડી, ઝીણી વાતો ગુરુદેવ ઘણી-ઘણી કરી ગયા છે. આ પુસ્તક છે ને તેની ઉપર અધ્યયન કરવા જેવું છે. એટલું સુંદર આમાં રહસ્ય ભરેલું છે.

હવે આ ચારિત્રની દશા કેમ પ્રગટ થાય તેનું કારણ સમ્યગ્દર્શન છે. અને આ શાસ્ત્ર અનાદિ મિથ્યાદષ્ટિ અપ્રતિબુધ્ધ અજ્ઞાની જીવને, આહા! એનું અજ્ઞાન કેમ ટળે, અને અજ્ઞાનજન્ય દુઃખ કેમ જાય તેવી સાધકને કરુણા આવતાં, કુંદકુંદાચાર્ય ભગવાને મિથ્યાદષ્ટિને લક્ષમાં રાખીને આ સમયસાર શાસ્ત્રની રચના કરી છે. કેટલાક પંડિતો કહે છે કે આ મુનિને વાંચવા લાયક છે, ગૃહસ્થીને વાંચવા લાયક નથી. એ વસ્તુના સ્વરૂપને સમજતા નથી.

હવે અહીંયાં આપણે ૩૮૭-૮૮-૮૯ ત્રણ ગાથા કાલે હરિગીત વાંચ્યું હતું. હવે તેની ટીકા આપણે લઈ લઈએ. પાનું ૫૩૮ મારામાં છે. ગાથા ૩૮૭-૮૮-૮૯ ગાથામાં ફરક ન હોય પાનામાં ફરક હોય. ભાવમાં ફરક ન હોય, વાણીમાં ફરક હોય. વચન એક સરખા ન હોય. આહાહા!

**ટીકા :- જ્ઞાનથી અન્યમાં,** બહુ રહસ્યવાળી વાત છે. આમ તો એકોએક ગાથા. કયારેક હું બહુ વખાણ કરું ને ગાથાના, ત્યારે ચંદુભાઈ કહે તમે તો જે ગાથા આવે તેની પ્રશંસા જ કરવા માંડો છો. હા બાપુ! પ્રશંસા કરવા જેવી છે. ગાથાએ, ગાથાએ તેમાં આત્મા બતાવ્યો છે માટે આત્માને બતાવનારા દ્રવ્યશ્રુત પ્રત્યે પણ તેને, આહાહા! ઉપકારના, વંદનના, સ્તુતિના, આદરના ભાવ આવે, આવે ને આવે. અગાઉ વાંચતો હતો ત્યારની વાત છે. ઘણા વર્ષ પહેલાં. હવે તો ભાઈ વાંચે છે. **જ્ઞાનથી અન્યમાં,** સાંભળો. જ્ઞાનથી અન્યમાં એટલે જ્ઞાનમય ભગવાન જે આત્મા છે, તેનાથી અન્યમાં, એટલે જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં, એટલે રાગાદિ ભાવોમાં. રાગભાવ છે તે જ્ઞાનથી અન્ય છે. આત્માથી રાગ અનન્ય નથી. અને જયાં આત્માથી રાગને અનન્ય લખ્યું હોય તે વ્યવહારનયનું કથન છે, એમ જાણજે.

અમારું લખાણ એ અભૂતાર્થ છે એમ જાણજે. એમ પોતે કહી ગયા છે, હો! આહાહા! તેના કહેવાથી આપણે અભૂતાર્થ અને અસત્યાર્થ જાણીએ છીએ. જો એ ન કહી ગયા હોત તો એ રાગને આત્માથી અનન્ય માનીને, આહા! જીવ મિથ્યાદષ્ટિ રહી જાત. એ અનન્ય લખનારને, અનન્ય લખનારને અન્ય છે એવા નિશ્ચયનું એને જ્ઞાન છે એટલે અનન્ય લખનારને મિથ્યાત્વનો દોષ લાગતો

નથી. અને વાંચનારને અન્ય છે એવું ભાન નથી માટે અનન્યને સાચું સ્વરૂપ માનીને, આહાહા! ટાણું આવ્યું તોપણ વ્યવહારનો પક્ષ એને છૂટતો નથી.

જ્ઞાનથી અન્યમાં, એટલે જ્ઞાનમય ભગવાનઆત્માથી અન્યમાં, એટલે રાગમાં, એમ ચેતવું કે 'આ હું છું', આ રાગ મારામાં થાય છે, આહાહા! આ રાગનો હું સ્વામી છું, રાગનો હું કર્તા છું, રાગ આત્મામાં ન થાય તો શું ભીંતમાં થાય? અરે! ભીંતમાં થાય એમ કોણ કહે છે? ભીંતમાં તો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ થાય. આહા! પણ રાગ અન્ય છે. જો આત્માથી રાગ અન્ય છે તો કોનાથી રાગ અનન્ય છે? કેમકે રાગ બીજાથી અનન્ય વિના રાગ અન્ય છે એવું ભાન નહીં થાય. એક દ્દષ્ટાંત આવે છે શાસ્ત્રમાં, શ્લોક છે. પાણી ઉનું થાય છે ગરમ, તેની યોગ્યતા તતસમયની પાણીની પર્યાયની, ઉષ્ણ પર્યાયથી થાય છે. અને અગ્નિ તેમાં નિમિત્ત છે. તો સંતો કહે છે કે પાણીની ઉષ્ણતા કોને પ્રસિધ્ધ કરે છે? શીતળ પાણીને પ્રસિધ્ધ કરે છે કે અગ્નિને? કે અગ્નિને પ્રસિધ્ધ કરે છે. કેમકે ઉષ્ણતા એ અગ્નિ સાથે અનન્ય છે. અને શીતળતા પાણી સાથે અનન્ય છે માટે પાણીથી અગ્નિ ભિન્ન ને અગ્નિના નિમિત્તથી નૈમિત્તિકદશા ઉષ્ણ પર્યાય પણ ભિન્ન છે. ઉષ્ણની પર્યાય જયાં સુધી અગ્નિથી અનન્ય છે એમ ભાસે નહીં ત્યાં સુધી પાણીથી ઉષ્ણ અનન્ય છે એમ તેને ભાસ્યા વિના રહેવાનું (નથી). ખ્યાલ આવ્યો? દ્દષ્ટાંતનો. પ્રકાશ! પાણી ઉનું થયું, કહેવાય પાણી ઉનું થયું, કલકતા પહેલા વાંચતા'તા બેય. ઈ ને દીલીપ બેય ભાઈઓ, છોકરાઓ ગયા ગુરુદેવ પાસે. આહાહા! સાંભળ ભાઈ! પ્રભુ!

તને ભેદજ્ઞાન નથી થયું. ભેદજ્ઞાનની તારી શકિત બિડાઈ ગઈ છે. તેથી તે અન્ય ભાવને અનેરા ભાવને, આત્માના ભાવમાં અનન્ય છે. આહાહા! સંયોગરૂપે છે એમ પણ ખ્યાલ નથી આવતો. રાગ અનન્ય છે એમ ખ્યાલ આવે છે. એક ઉષ્ણ પર્યાય થઈ, પર્યાય પાણી ગરમ થયું એમ કહેવાય. વ્યવહારીજનોમાં ટૂંકું વાકય શું? કે પાણી ગરમ થઈ ગયું? તો હું સ્નાન કરું. હા, ગરમ થઈ ગયું. શું ગરમ થયું? કે પાણી. દેવશીભાઈ! પાણી ગરમ થયું. આહાહા! પણ પાણી ગરમ હોય કે અગ્નિ ગરમ હોય? એ ઉષ્ણતા લક્ષણ કોનું છે? એ ઉષ્ણતામાં શીતલતા વ્યાપે છે કે ઉષ્ણતામાં અગ્નિ વ્યાપે છે. જો અગ્નિ વ્યાપતી હોય તો ઉષ્ણતા અગ્નિ સાથે અનન્ય છે અને શીતલ પાણીથી અન્ય છે.

અનન્ય આત્મા છે અને રાગને આત્મા કરે છે (એવી) હઠ છોડી દે. વખત આવ્યો છે હવે હઠ કરમાં. 'મત જા ગીરનાર બાબુલ. મત જા ગીરનાર, હઠ તજો', એકાદિ લીટી બોલો એકાદિ. તમે બોલશો? ગળું નથી ચાલતું! આહાહા!....... નેમિનાથ ભગવાનને જયારે વૈરાગ્ય ઉત્પન્ન થયો ત્યારે સાથે તે, શું કહેવાય, રાજુલ! તેને પણ વૈરાગ્ય થયો. તેના પિતા સમજાવે છે, 'મત જા ગીરનાર, મતજા, હઠ તજો, આહાહા! એમ કહે છે કે અત્યારે વખત આવ્યો છે વૈરાગ્યનો, રાગથી જુદું પડવું તેનું નામ વૈરાગ્ય છે. રાગની સ્વામીત્વબુધ્ધિ છોડી દેવી તેનું નામ વૈરાગ્ય છે અને રાગનો અભાવ તેનું

નામ વીતરાગતા છે. રાગનો સદભાવ પણ રાગની ઉપેક્ષા એનું નામ વૈરાગ્ય. અને રાગનો સર્વથા અભાવ તેને વીતરાગદશા કહેવામાં આવે છે.

હવે હઠ છોડી દે. ભાઈ! રાગ આત્મામાં થાય છે, આત્મામાં જ્ઞાન થાય કે આત્મામાં રાગ થાય? રાગમાં ચૈતન્ય લક્ષણ નથી, ચૈતન્ય તેમાં વ્યાપતું-પ્રસરતું નથી. રાગ પુદ્ગલને પ્રસિધ્ધ કરતો પ્રગટ થાય છે, અને જ્ઞાન આત્માને પ્રસિધ્ધ કરતું પ્રગટ થાય છે. જ્ઞાનથી આત્મા અનન્ય છે અને રાગથી આત્મા અન્ય છે. રાગ પુદ્ગલની સાથે સાથે રહેતો, આ શાસ્ત્રનું વચન છે. રાગ પુદ્ગલની સાથે સાથે રહેતો એ પુદ્ગલને પ્રસિધ્ધ કરે છે. અને ઉપયોગ તેની સાથે રહેતો રહેતો એ ઉપયોગ આત્માને પ્રસિધ્ધ કરે છે. પ્રભુ! રાગ આત્માને પ્રસિધ્ધ કરતો નથી. કેમ કે રાગ આત્માનું લક્ષણ નથી. રાગ આત્માને આશ્રયે થતો નથી. માટે રાગ આત્માની ચીજ નથી. રાગ આત્માથી અનન્ય નથી માટે રાગ આત્માથી ભિન્ન છે. રાગ આત્માને પ્રસિધ્ધ કરતો નથી માટે રાગ આત્માથી ભિન્ન છે. અન્ય છે. જ્ઞાનથી અન્ય છે રાગ. આહા! જ્ઞાન જુદા ઔર રાગ જુદા. હવે જેનાથી જે મંત્રથી સમ્યગ્દર્શન થયું તેને પકડી લે ને!

જેનાથી જેને સમ્યગ્દર્શન થયું સોગાનીજીને એને ગ્રહણ કરી લે ને. હવે તર્ક-વિતર્ક છોડી દે ને? હઠ છોડી દે. પણ નનૂર થઈ ગયો છે એ. સાંભળતો નથી. ધ્યાન દઈને (સાંભળતો નથી.) રાગથી આત્મા જો ભિન્ન હોય ને રાગથી આત્મા અનન્ય ન હોય તો.. અરે! પ્રભુ! સાંભળ, સાંભળ ભાઈ! આ વાત સમજવા જેવી છે. આમાં છે. **જ્ઞાનથી અન્યમાં,** જ્ઞાનથી જુદું એક રાગ તત્ત્વ છે. **જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં,** અન્ય ભાવો, અન્ય ભાવ નહીં. બહુવચન છે. ક્રોધ, માન, માયા, લોભ એ બધા અનેરા અનેરા ભાવો છે. શુભ અને અશુભભાવ એ જ્ઞાનથી અન્ય છે. અરે! ભગવાનઆત્માથી તો અન્ય છે પણ ઉપયોગથી પણ રાગ અન્ય છે. કોના ઉપયોગથી? મિથ્યાદષ્ટિના ઉપયોગથી રાગ અન્ય છે. સાંભળ તો ખરો તું જરાક! આહાહા!

ઉપયોગમાં રાગ નથી. પ્રભુ! કળશટીકાકારે કહ્યું, સુંદર એક કળશ છે કે ઉપયોગમાં, ઉપયોગના ગર્ભમાં તો એકલી જાણનક્રિયા જ થાય છે. ઉપયોગના ગર્ભમાં મિથ્યાત્વનો રાગ, ચીકાશ અમને દેખાતી નથી. આહાહા! મિથ્યાદષ્ટિના ઉપયોગમાં જ્ઞાનીને મિથ્યાત્વ ઉપયોગમાં છે એમ દેખાતું નથી. જ્ઞાયકમાં તો મિથ્યાત્વ છે જ નહીં. એ તો પ્રશ્ન જ નથી. પણ જે ઉપયોગલક્ષણ છે આત્માનું એ ઉપયોગમાં પણ મિથ્યાત્વ દેખાતું નથી. જો મિથ્યાત્વ તેમાં આવી જાય તો ઉપયોગલક્ષણનો નાશ થઈ જાય. ઉપયોગજ્ઞાનમાં, જ્ઞાનના ગર્ભમાં તો એકલી જાણનક્રિયા છે. કળશટીકા છે? હોય તો લાવો આપણે અહીંયા શાસ્ત્રનો આધાર આપી દઈએ. (નહીંતર કહેશે) લાલુભાઈ આખો દિવસ નિશ્ચયની વાત કરે છે. નિશ્ચયની એટલે સાચી. નિશ્ચયની એટલે સાચી. અમને બધી ખબર છે. સમજી ગયા? અમને બધી ખબર હોય. આહાહા!

ગુરુદેવ કહેતા હતા કે નિશ્ચયની એટલે સાચી વાત. ૧૭૪ કળશ છે. તેનો ૧૭૫ માં ઉતર આપે છે. કળશટીકા રાજમલજી સાહેબની છે. આહાહા! જેને ફાટ ફાટ આત્માનો અનુભવ વર્તતો હતો. તેણે અનુભવની મુખ્યતાથી શાસ્ત્રની રચના કરી છે. શબ્દનો અહીંયા આ અર્થ છે એ ખ્યાલ એણે લીધો નથી. ભાવાર્થ ઉપર ગયા છે, શબ્દાર્થ ઉપર નહીં. બહુ જ ગંભીર! આહાહા! જુઓ! યુગલજી સાહેબ કહે છે કે બહુ જ ગંભીર ટીકા છે. આહા! એમ જ છે. અનુભવ પ્રધાન. એકલો અનુભવ રસ નીતરે છે તેના જ્ઞાનમાં, આહા! એ આનંદના રસનો અનુભવ કરતાં કરતાં આ ટીકા લખી.

આ સંસ્કૃતનો આ શબ્દ ને અહીંયા આ અર્થ થયો ને અહીંયા. આ વ્યાકરણ ને આ ફલાણું-ઢીકણું, આહાહા! એ શબ્દ મલેચ્છ છે. એને શબ્દ મલેચ્છ કહે, તેના ભાવને તું જો એક વખત . એ ભાવ અહીંથી મળે છે તેને તું મેળવી લે. અહીંથી ન મળતો હોય તો બરાબર છે. પણ એ લખ્યું છે એ ભાવ અહીંથી મળે, ન મળે તેમ બને નહીં. એનો એક શ્લોકમાં પ્રશ્નકાર પ્રશ્ન કરે છે, એ પ્રશ્ન-ઉત્તર છે. ઉત્તર આવશે ત્યારે સ્પષ્ટીકરણ કરશું. પણ પ્રશ્ન શું છે?

શુધ્ધ વસ્તુસ્વરૂપનું નિરૂપણ કર્યું તોપણ ફરીને એમ કહે છે, ગ્રંથના કર્તા શ્રી કુંદકુંદઆચાર્ય. કેવા છે? જેમને આવો પ્રશ્ન નમ્ર થઈને પૂછવામાં આવ્યો છે. આહાહા! એ ગારુડ થઈ જાય, નમ્ર થઈ જાય. હું જાણું છું, તેને આગળ ન કરે. આહાહા! હું જાણું છું, તેને આગળ કરે તો વસ્તુ સ્વરૂપ તેના હાથમાં બાપલા નહીં આવે. આહાહા! જેમનો આવો પ્રશ્ન નમ્ર થઈને પૂછવામાં આવ્યો છે. કેવો પ્રશ્ન? અહો! સ્વામિન! આહાહા! જોઈ લેજો લાયકાત, પ્રશ્ન પૂછવાની લાયકાત. એટલે સ્વરૂપ સમજવાની લાયકાતવાળો જીવ કહે છે કે અહો! સ્વામિન! આપ તો અમારા સ્વામી છો, આહાહા! પ્રભુ! કુંદકુંદઆચાર્ય ભગવાનને શિષ્ય પ્રશ્ન કરે છે. અહો! આહાહા! સ્વામિન!

અશુધ્ધ ચેતનારૂપ છે રાગ-દ્વેષ-મોહ ઈત્યાદિ અસંખ્યાત લોકમાત્ર વિભાવપરિણામ તે, જ્ઞાનાવરણાદિ કર્મબંધના કારણ છે એવું કહ્યું, આત્મા જ્ઞાનાવરણાદિ કર્મના બંધનું કારણ છે એમ તો આપે કહ્યું નથી અને મેં એમ સાંભળ્યું પણ નથી. શું કહ્યું? વાતે વાતમાં વિચાર માગે છે. ભગવાનઆત્મા જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મનો બંધ થાય, અભવિનો આત્મા આહાહા! અભવિના આત્મામાં કર્મના બંધમાં કર્તાપણું તો નથી પણ નિમિત્તપણાનો પણ તેમાં અભાવ છે. એમ સાંભળ્યું મેં, કે રાગ-દ્વેષ-મોહ એ કર્મબંધમાં કારણ થાય છે. તેમાં હું એમ સમજયો કે ભગવાનઆત્માનું તો કર્મબંધમાં કારણ થતું નથી. આપે એમ કહ્યું પણ નથી અને મેં એમ સાંભળ્યું પણ નથી. કોઈ જ્ઞાની એમ કહેતા પણ નથી અને કોઈ લાયક જીવ એમ સાંભળતો પણ નથી. કે આત્મા કર્મબંધમાં કારણ થાય એમ આત્માર્થી સાંભળતો નથી. અને જ્ઞાની કહેતા નથી. આહા!

એ વાત તો મારા જ્ઞાનમાં પકડાણી કે જ્ઞાયકતત્ત્વ જે છે સામાન્યતત્ત્વ, ધ્રુવતત્ત્વ એ તો અશુધ્ધ

કર્મના બંધમાં નિમિત્ત કારણ થાય નહીં, પણ રાગ-દ્વેષ-મોહ નિમિત્ત કારણ થાય એમ આપે કહ્યું, રાગ-દ્વેષ-મોહ ઈત્યાદિ અસંખ્યાત લોકમાત્ર વિભાવપરિણામ તે, જ્ઞાનાવરણાદિ કર્મબંધના કારણ છે એવું આપે કહ્યું, આપે કહ્યું મેં સાંભળ્યું. આમાં લખ્યું છે એ વાંચુ છું, હો! સામે પુસ્તક નથી. ઘરે જઈને ટાઈમ હોય તો, ટાઈમ હોય તો (વાંચી લેજો) સમજી ગયા? કહે છે, જ્ઞાનાવરણાદિ કર્મબંધના કારણ છે એવું આપે કહ્યું, સાંભળ્યું, જાણ્યું, જાણ્યું મેં, અરે! માન્યું. જાણ્યું અને માન્યું, કે રાગ-દ્વેષ-મોહ એ કર્મબંધમાં કારણ થાય છે. એમ આપે કહ્યું, મેં જાણ્યું, મેં માન્યું.

કેવા છે તે ભાવ? કેવા છે તે ભાવ? રાગ-દ્વેષ-મોહના. શુધ્ધ જ્ઞાનચેતનામાત્ર છે જે જયોતિસ્વરૂપ જીવવસ્તુ તેનાથી બહાર છે. આહાહા! જે ભાવે કર્મબંધ થાય તે ભાવ ભગવાનઆત્માથી બહાર છે. બીજો બીજાનું કારણ થાય છે. ભગવાનઆત્મા કર્મબંધનું કારણ કદી પણ થતો નથી. કિશોરભાઈ! કિશોરભાઈ હા પાડે છે. ઈ તોહા જ પાડે ને. પોતાના ઘરની વાત છે ને આ કાંઈ કોઈની વાત નથી.

શુધ્ધ ચેતનામાત્ર છે જે જયોતિસ્વરૂપ જીવવસ્તુ તેનાથી બહાર છે. જે કર્મબંધમાં નિમિત્ત કારણ થાય છે આસ્રવો, એ ભગવાનઆત્માથી બહાર છે. બહિર્તત્ત્વ છે. હવે એક પ્રશ્ન હું કરું છું, પ્રભુ! હે સ્વામિન! મને મુંઝવણ થઈ ગઈ છે. તે રાગ-દ્વેષ-મોહરૂપ અશુધ્ધ પરિણામોનું કારણ કોણ છે? જો અશુધ્ધ પરિણામો કર્મબંધનું કારણ છે તો અશુધ્ધ પરિણામોનું કોઈ કારણ હોવું જોઈએ. મને કારણ બતાવો, બસ! મને મિથ્યાત્વ, રાગ-દ્વેષ-મોહ જે થાય છે જીવની પર્યાયમાં એ કર્મબંધમાં નિમિત્ત કારણ થાય છે. એટલું જાણ્યું, સાંભળ્યું, માન્યું, પણ રાગનું કારણ કોણ? એ કૃપા કરીને મને બતાવો. એમાં મારા બે પ્રશ્ન આવશે. કે રાગનું ઉપાદાન કારણ કોણ અને નિમિત્ત કારણ કોણ?

એક પ્રશ્ન અને એનો એક ઉતર, ધ્યાન દઈને ઘરે જઈને જરા, જમવા પહેલાં, સ્વાધ્યાય કરી લેવો. આહાહા! અહીંથી દસ વાગ્યે તો બધા છૂટી જાય. ટાઈમ તો મળે. બચુભાઈ! દુકાને અડધી કલાક મોડું જાવું. ઘરેથી પુસ્તક લઈને જાય પછી દુકાને એકાંતને એવું બધું ન હોય ને. એના કરતાં ઘરે સારું. આહા! ટેલીફોન કરી દેવો કે અડધો કલાક મોડો આવીશ. દીકરાઓ તો એમ કહે છે કે આવો નહીં તો સારું. આ તો બચુભાઈનું નામ હો! આ તો બધાને લાગુ પડે છે. એકની વાત નથી. આહા! મફતના આ બાપા દુકાને આવે છે ને. રતિભાઈ! બાપા માથુ મારે છે.

શું કહે છે પ્રભુ! આ તો અધ્યાત્મની ઊંચા પ્રકારની વાત, કુદરતી, આહા! આપણા ઉપકારી ગુરુદેવના નિમિત્તે આ વાત બધી બહાર આવી. આહા! યુગલજી સાહેબને તો આ ગુરુદેવ પ્રત્યે જયારે એ પ્રશંસા કરે છે ત્યારે, આહા! તેમને શબ્દો ઓછા પડે છે. એવો ચમત્કાર આ એક પુરુષે સર્જયો છે. આ વાત કોઈ જાણતું નહોતું. મૂળ દિગંબર જાણતા નહોતા પછી બીજાની વાત તો કયાં કરવી?

હવે એક પ્રશ્ન કરું છું, હે સ્વામિન! મને મુંઝવણ થાય છે. કર્મના બંધમાં રાગ-દ્વેષ-મોહ નિમિત્ત

કારણ છે એ તો હું સમજયો, સાંભળ્યું અને માન્યું. તેનું કારણ રાગ તો રાગનું કારણ કોણ? કેમકે કાર્ય તો થાય છે. રાગ-દ્વેષ-મોહ આપે કાર્ય તરીકે સ્વીકાર્યા, હવે કાર્ય તરીકે સ્વીકાર્યા તો તેનું કોઈ કારણ હોવું જોઈએ. જેમ કર્મબંધ થાય તે એક કાર્ય છે, તેને તેનું કારણ રાગ-દ્વેષ-મોહ છે, તો રાગ-દ્વેષ-મોહ કાર્ય થયું તો તેનું કારણ બતાવો. આહા! એવો ઊંડો જિજ્ઞાસાનો પ્રશ્ન છે. જ્ઞાનનો ઈચ્છક પુરુષ છે, આ જ્ઞાનનો ઈચ્છક પુરુષ. સાંભળો તમે. એમ કહેશે.

તે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામોનું કારણ કોણ છે? દ્રવ્યકર્મનુ ંકારણ રાગ તો હવે રાગનું કારણ તો બતાવો અમને. શિષ્ય જિજ્ઞાસુ છે. આહાહા! પોતાને સમજવું છે, હો! હું સમજીને બીજાને સમજાવું, એવા હેતુવાળો શિષ્ય નથી. મને મુંઝવણ છે. આહાહા! કારણ કોણ છે? જીવદ્રવ્ય કારણ છે કે મોહકર્મરૂપ પરિણમ્યો છે પુદ્‌ગલદ્રવ્યનો પિંડ તે કારણ છે? બે પ્રશ્ન પૂછયા. આહાહા!

બે પ્રશ્ન પૂછીને વસ્તુની સ્થિતિ, આહાહા! તેનો ખ્યાલ તેની પાસેથી લેવા માગે છે. પ્રભુ! આપ અનુભવી છો. હું બીનઅનુભવીને પૂછતો નથી. મને નિમિત્તનો વિવેક થઈ ગયો છે. આપની પાસેથી મને ઉકેલ આવશે માટે આપને પૂછું છું. બીજે પૂછવા જતો નથી. આહા! પૂછવાનું પણ ઠેકાણું જોઈએ. ક ઠેકાણે (ખોટે ઠેકાણે) પૂછે તો આડે અવળે રસ્તે જીવ ચડી જાય. ક્ષયોપશમનો વિષય નથી, અનુભવનો વિષય છે આ. આહા! શિષ્ય પૂછે છે કે રાગનું કારણ જીવદ્રવ્ય છે કે મોહકર્મનો ઉદય રાગનું કારણ છે? કાર્ય તો છે. તો તેના કારણ બે પૂછયા. તેનો ઉત્તર આપે છે.

એવું પૂછવામાં આવતાં આચાર્ય ભગવાન તેને ઉત્તર આપે છે. ઉત્તરમાં ૧૭૫ કળશ છે. ઘરે જઈને વાંચવાની મારી ભલામણ છે બધાને ખાસ. આહાહા! રહસ્ય છે આમાં. પ્રશ્ન કર્યો હતો, તેનો ઉત્તર આમ છે, સાંભળ! આ વસ્તુનું સ્વરૂપ સર્વ કાળે પ્રગટ છે, આહાહા! સર્વ કાળે પ્રગટ છે વસ્તુ, કે હા, પ્રગટ છે કે પ્રગટ થાય છે? 'થાય' તે પર્યાય અને 'છે' તે દ્રવ્ય. પ્રગટ છે. કેવો છે વસ્તુનો સ્વભાવ! કોઈપણ કાળે. કોપીકાલે. આહા! કોઈપણ કાળે આત્મા જીવદ્રવ્ય પોતાસંબંધી છે જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ તેમના કારણપણારૂપ પરિણમતું નથી. રાગરૂપે પરિણમે છે તોપણ તેના કારણરૂપે આત્મા પરિણમતો નથી. મહા રહસ્ય છે. રાગરૂપે પરિણમે છે ત્યારે તો કર્મનો બંધ થાય છે. પણ રાગરૂપે પરિણમે છે તો એ રાગનું કારણ કોણ છે? કે કોઈપણ કાળે આત્મા રાગના કારણપણે પરિણમતો નથી. એક સમય જો રાગના કારણપણે થઈ જાય તો નિત્ય કારણપણું આવતાં રાગનો અભાવ થઈ શકે નહીં. માર્મિક વાત છે જરા!

મોટા દિવસો છે. રોટલા તો આપણે રોજ ખાઈએ છીએ પણ બદામનો મેસુબ તો સારા દિવસે (ખાવો જોઈએ) આહાહા! આ બદામના મેસુબની વાત છે. એકતા તૂટી જાય રાગની સાથે. રાગનું હું કારણ છું અને રાગને હું કરું છું, બીજું નીકળ્યું આ. તું માનશ એવું નીકળવાનું નથી.

કોઈપણ કાળે, આહાહા! કોપીકાલે. કોઈપણ કાળે અભવિનો આત્મા રાગરૂપે પરિણમે છે પણ અભવિનો આત્મસ્વભાવ જે છે જ્ઞાયક તે તેના કારણપણે પરિણમતો નથી. પરિણમે છે છતાં કારણપણે પરિણમતો નથી. ગજબની વાત છે. પરિણમે છે એમ સ્વીકાર કરો છો? હા, આચાર્ય ભગવાન કહે છે કે આત્મા જયાં સુધી ભેદજ્ઞાનનો અભાવ છે ત્યાં સુધી તે મિથ્યાત્વ આદિ રાગરૂપે પરિણમે છે. પણ મિથ્યાત્વના રાગના પરિણામનું કારણ ભગવાનઆત્મા થતો નથી. આ શું? પરિણમે છે અને કારણ ન થાય? પરિણમે છે એમ સ્વીકારવું અને કારણપણે પરિણમતો નથી. અમને તો બે એક જેવું લાગે છે. એ મર્મ છે આમાં. સમજવા જેવું આ છે.કોઈપણ કાળે જીવદ્રવ્ય પોતાસંબંધી, પોતાની પર્યાયમાં થાય છે એ રાખ્યું. પુદ્ગલ પરિણમે છે એમ ન કીધું. જીવની પર્યાયમાં પોતાના સ્વભાવને ભૂલીને, અનાદિકાળથી, ભેદજ્ઞાનનો અભાવ છે ત્યાં સુધી વિશેષ અપેક્ષાએ રાગરૂપે પરિણમે છે. તે જ્ઞાયકભાવ તો રાગરૂપે થતો નથી.

પોતાસંબંધી છે જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુધ્ધ પરિણામ, મોહ ભેગો લીધો, મિથ્યાત્વ ભેગું લીધું. આહાહા! મિથ્યાત્વરૂપે પરિણમે છે પણ મિથ્યાત્વના કારણરૂપે પરિણમતો નથી. આ પ્રેમચંદજીને વાત જયારે કરી ત્યારે ઠેકડા મારવા માંડયા. દિલ્હીવાળા પ્રેમચંદજી. આહાહા! પોતાસંબંધી છે જે રાગ-દ્વેષ-મોહરૂપ અશુધ્ધ પરિણામ તેના કારણપણારૂપ કોઈપણ કાળે પરિણમતો નથી. એક સમયમાત્ર કારણ થતો નથી. અશુધ્ધતાનું કારણ શુધ્ધતા ત્રણકાળમાં થઈ શકે નહીં.

પરિણમતું નથી. ભાવાર્થ આમ છે કે દ્રવ્યના પરિણામનું કારણ, હવે કારણ પૂછયું છે ને. કે, જીવદ્રવ્ય કારણ છે કે મોહકર્મનો ઉદય કારણ છે? કાર્ય તો છે. પ્રભુ! તો કાર્ય છે તો કારણ બતાવો. એક કારણના બે પ્રશ્ન મારા છે. જીવદ્રવ્ય કારણ છે કે મોહકર્મનો ઉદય કારણ છે. ક્રોધની, ક્રોધની, ક્રોધ કાર્ય... તો છે. તો ક્રોધનું કારણ જીવદ્રવ્ય છે કે ક્રોધનું કારણ પુદ્ગલદ્રવ્યનો ઉદય છે? એમ પ્રશ્ન કર્યો.

દ્રવ્યના પરિણામનું કારણ બે પ્રકારનું છે. એક ઉપાદાનકારણ અને એક નિમિત્તકારણ. રહસ્યવાળો આ શ્લોક છે બહુ, હો! આહાહા! બે કારણ છે, એક ઉપાદાનકારણ-રાગને કાર્ય લેવું. રાગને કાર્ય લેવું. મિથ્યાત્વનો રાગ લેવો, હોં! હા, મિથ્યાત્વનો રાગ લેવો અહીંયાં, ત્યારે મિથ્યાત્વ જશે. મિથ્યાત્વના પરિણામ કાર્યરૂપે છે, પ્રભુ! તો એનું કારણ જીવદ્રવ્ય છે કે દર્શનમોહનો ઉદય કારણ છે? બે પ્રશ્ન છે. તેનો ઉત્તર આપે છે. એક ઉપાદાનકારણ અને એક નિમિત્તકારણ. રાગનું એક ઉપાદાનકારણ અને એક નિમિત્તકારણ. હવે રાગનું ઉપાદાનકારણ શું અને નિમિત્તકારણ શું તે વાત હવે કરે છે.

એક ઉપાદાનકારણ અને એક નિમિત્તકારણ છે. હવે ઉપાદાનકારણ એટલે? ઉપાદાનકારણ એટલે, રાગ કાર્ય છે. તો કાર્ય હોય તો કોઈ ઉપાદાનકારણ પણ જોઈએ. અને વિભાવ છે માટે તેમાં નિમિત્ત પણ કારણ હોવું જોઈએ. કેમકે વિકાર છે ને તેમાં નિમિત્તકારણ તો બીજું હોય. તો કહે છે કે

ઉપાદાનકારણની વાત જગતના જીવને ખ્યાલ આવતો નથી. આહાહા! આ ક્ષણિક અશુધ્ધ ઉપાદાન જયાં સુધી જીવને બેસે નહીં. આહાહા! ત્યાં સુધી તેને ભેદજ્ઞાન ન થાય. તેને ઉડાડવા માંડયા અત્યારે તો! કેવો કાળ આવી ગયો, પ્રભુ! આહાહા! ગુરુ ચાલ્યા ગયા. આહા! કોઈ પાછળ કહેનારા એવા રહ્યા નહીં. વીર્યવાન! બાકી તો છે તો ખરા! આહાહા! ઉપાદાનકારણ એટલે?

મુમુક્ષુ :- સમજનારને માટે ખુબ સારો કાળ છે.

ઉત્તર :- સારો કાળ છે, સમજવા જેવો કાળ છે આ. ગુરુદેવ બધું કહી ગયા છે. આહા! બધી ચોખવટ કરી ગયા છે. અને શાસ્ત્રમાં પણ બધું છે. આ બધું શાસ્ત્રનું વંચાય છે. આ લાલુભાઈના ઘરની વાત છે? અને ઘરની વાત લાલુભાઈ કરે તો કોઈ માને એવા છે? છે તો ઘરની વાત આત્માના, હોં! આહા! પણ શાસ્ત્રનો આધાર આપ્યા સિવાય એને શ્રધ્ધા બેસે નહીં.

મુમુક્ષુ :- ગુરુદેવે આ વાત બરાબર આપનું નામ લીધું છે બરાબરને!

ઉત્તર :- વખત ફરી ગયો છે, દરબાર! અત્યારે, જૂનો વખત નથી. દ્રવ્યના પરિણામનું કારણ બે પ્રકારનું છે. એક ઉપાદાનકારણ અને એક નિમિત્તકારણ. કાર્ય એક તેમાં એક ઉપાદાનકારણ અને એક નિમિત્ત કારણ. ઉપાદાનકારણ એટલે? આહા! આચાર્યભગવાન કુંદકુંદભગવાનને એક પ્રશ્ન પૂછયો, હે સ્વામિન! એનું કારણ કોણ છે રાગનું? એમાં બે પ્રશ્નો ઉપાદાનકારણ, નિમિત્તકારણ તેનો ઉત્તર આપે છે. સાંભળ પહેલાં ઉપાદાનકારણ તને વાત કરું. નિમિત્તકારણ સમજવું સહેલું છે પણ ઉપાદાનકારણ સમજવું દુર્લભ, અશકય નથી. નિમિત્તકારણ તો બધા માને છે. કે રાગનો ઉદય હોય તો નિમિત્તકારણ કોણ? કે મિથ્યાત્વ હોય ત્યારે દર્શનમોહ અને અસ્થિરતાનો રાગ હોય ત્યારે નિમિત્તકારણ કોણ? કે ચારિત્રમોહ. અરે! એ તો પાઠશાળાના છોકરાઓ પણ કહી દયે છે. પણ ઉપાદાનકારણ કોણ છે એ સમજયા વિના તેની એકતા તૂટવાની નથી. ઉપાદાન આ આપણે લીધું હતું. શાંતિભાઈ! યાદ છે? આ આપણે લીધો હતો આ કળશ. લીધો હતો. ઉપાદાનકારણ એટલે દ્રવ્યમાં અંતરગર્ભિત છે પોતાના પરિણામ પર્યાયરૂપ પરિણમન શકિત. આ પણ સમજવા જેવું છે. હા.. અમે તો કહીએ છીએ કે મિથ્યાત્વ અંદરમાં પડયું છે. તેના સ્વકાળે ઉદય થાય. તું કાંઈ સમજતો નથી. આહા! મિથ્યાત્વની અંદર ખાણ નથી કે પડયું છે. થઈ ગયો ટાઈમ? કાલે (લેશું) હજી છે આપણી પાસે બે દિવસ છે ને.

卐